# બીજામૃત (બીજ અમૃત)

ખેડૂત મિત્રો! વાવણી કરતા પહેલાં બીજને પટ આપવો (બીજ માવજત) બહુ જ જરૂરી છે. તેના માટે બીજામૃત બહુ જ ઉત્તમ છે. જીવામૃતની જેમ જ બીજામૃતમાં પણ મેં તે જ વસ્તુઓનો ઉપયોગ કર્યો છે, જે આપણી પાસે નિ:શુલ્ક ઉપલબ્ધ છે.

**બીજ સંસ્કાર :-** શાકભાજીના સારા ઉત્પાદન માટે તેના બીજની બીજામૃતથી માવજત કરો. બીજનું બીજ માવજત કરવાથી તેનું સારી રીતે અંકુરણ થાય છે, અને સારા પાકના રૂપમાં સારું ઉત્પાદન આપે છે. બીજને બીજામૃતમાં ડુબાડો અને સામાન્ય બિયારણને ૬ થી ૭ કલાક માટે અને અમુક ખાસ (જાડી છાલ વાળાં) બિયારણોને ૧૨ થી ૧૪ કલાક સુધી ડુબાડો, જેમ કે, કારેલાનું બીજ, ટીંડોળાનું બીજ વગેરે યોગ્ય સમયે તેને બહાર કાઢો, તેને છાયામાં સુકવો અને ત્યાર પછી તેને ખેતરમાં વાવી દો.

**બીજામૃત બનાવવાની રીત :**

| ક્રમાંક | જરૂરી વસ્તુઓ | પ્રમાણ |
|---|---|---|
| ૧. | દેશી ગાયનું ગોબર | ૫ કિલો ગ્રામ |
| ૨. | દેશી ગાયનું ગૌમૂત્ર | ૫ લિટર |
| ૩. | પ્રલાળેલો ચૂનો | ૫૦ ગ્રામ |
| ૪. | પાણી | ૨૦ લિટર |
| ૫. | સજીવ માટી | ૧ મુઠ્ઠી |

આ બધી જ વસ્તુઓને પાણીમાં ભેળવીને ૨૪ કલાક સુધી રાખો. દિવસમાં ૨ વખત લાકડીથી હલાવો. ત્યાર પછી આ બીજામૃત વડે બીજ માવજત કરો. પછી બીજને છાયામાં સુકવીને, સુકાઈ ગયા પછી વાવણી કરો. બીજ માવજત કરેલા બિયારણો જલદીથી અને વધારે પ્રમાણમાં ઊગે છે. છોડ જમીનજન્ય રોગોથી બચી જાય છે, તેમજ ઝડપથી વૃદ્ધિ વિકાસ પામે છે.